# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/ક્વા-03/૨૦૨૦-૨૧/૬૪ તા.૧૦.૦૨.૨૦૨૧

૨003ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૭/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ગીરધરભાઈ સવજીભાઈ મકાણી ગામ – આંકોલવાડી-ગીર

સબડીવીઝન: આંકોલવાડી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ

તારીખ: ગુરુવાર (૨૮.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮.૦૧.૨૦૨૧ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અરજદાર શ્રી તાલાળા તાલુકાના આકોલવાડી ગામે ડાંગા વાડી વિસ્તારમાં મારું રહેણાંક મકાન આવેલ છે અને હું સિંગલ ફેઇઝ વીજળી કનેક્શન ધરાવું છું અને કુટુંબ સાથે આ મકાનમાં રહીએ છીએ પરંતુ મારી બાજુમાં કુલ્લા ઉકા નામના માણસનું રહેણાંક મકાન આવેલ છે જે પણ વીજળી કનેક્શન ધરાવે છે પરંતુ આ કનેક્શનનો સર્વિસ વાયર મારા મકાન ની દીવાલ પાસે થી પસાર થાય છે જેની લંબાઈ નિયમ મુજબ 30 મીટર કરતાં વધારે છે

અને આ વાયર માં બે સાંધા છે અને અવારનવાર તૂટવાના તેમજ અકસ્માતના બનાવ બને છે.તેમજ આ માણસે આ વાયર લાકડાના થાંભલા ઉભા કરી અડચણ ઊભી કરેલી છે અને આ થાંભલા સાથે ઢોર-પશું ઘસાવા થી શોટ સરકીટ થાય છે જેના લીધે સળગવા નો બનાવ બનવા નો ભય છે અને દિવાલને અડીને ઝાડ આવેલ છે જે પવન તેમજ ચોમાસાના વાવાઝોડાને કારણે જોખમ ઉભુ કરે છે આ બાબતે સ્થાનિક સત્તાવાળાને તાલાળા પીજીવીસીએલ ને રજૂઆત લેખિત મૌખીક કરવા છતાં કોઈપણ પગલાં ભરેલ નથી બીજી બાજુ આ માણસના મકાનની બાજુમાં હાલ બીજો ઈલેક્ટ્રીક થાંભલો પણ આવેલ છે તે એકદમ નજીક છે ત્યાંથી પાવર આપવામાં આવે તો આ પ્રશ્ન હલ થઇ શકે તેમ હોય પરંતુ આ અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી જેના કારણે અમારે અવારનવાર ઝઘડા થયા કરે છે અને આ અંગે તાત્કાલિક યોગ્ય કરવામાં નહીં આવે તો અમારે નાછુટકે ઉપવાસ ઉપર બેસવાની ફરજ પડશે તેમ જ આ અંગેની સંપૂર્ણ જવાબદારી પીજીવીસીએલની રહેશે. આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ આંકોલવાડી ગામે અરજદાર શ્રી નું રહેણાક મકાન માં વીજ જોડાણ ધરાવે છે તેમજ તેમની બાજુમાં આવેલ શ્રી કુલાભાઈ ઉકાભાઈ નામના વીજ જોડાણની સર્વિસ તેઓ ને નડતરરૂપ હોવાની અરજી કરેલ છે જે બાબતે સદર સ્થળ પર આંકોલવાડી પેટા વિભાગ દ્વારા તપાસ કરતાં અરજદાર શ્રી એ દર્શાવેલ નડતરરૂપ સર્વિસ તેઓ ની માલિકીમાં જોવા મળેલ ન હતી તેમજ તેઓના રહેણાક મકાનની દીવાલ થી અંદાજિત ૩ થી ૪ ફુટ જેટલી દુર આવેલ હતી. આમ છતાં સદર અરજી મળ્યાના તુરંત જ સલામતી તેમજ સમારકામ ના ભાગરૂપે શ્રી કુલાભાઈ ઉકાભાઈના રહેણાક પાસે કોન્ટ્રાકટરની ટીમ વધારા નો પોલ ઊભો કરવા આવતા અરજદારશ્રીએ પોલ ઊભો કરવા દીધેલ ના હતો તેમજ શ્રી કુલાભાઈ ઉકાભાઈની સર્વિસ અરજદાર શ્રી ની માલિકીમાં ના હોવા છતાં કોઈ અંગત કારણોસર અન્ય જગ્યાએ ફેરવવા માટેનો દુરાગ્રહ રાખેલ હોવાથી સદર અરજીનો નિકાલ કરવા સમય લાગેલ હતો.

૩.૧ જે અંગે નાયબ ઈજનેર આંકોલવાડી પેટા વિભાગ દ્વારા ફરીથી તા. ૨૦.૦૧.૨૦૨૧ ના રોજ સ્થળ પર આવી અરજદાર શ્રી  તથા શ્રી કુલાભાઈ ઉકાભાઈ ની હાજરી માં, બંને ને સમજાવી, સદર સ્થળ પર નવો પોલ ઊભો કરી સદર અરજીનું સુખદ નિરાકરણ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી દ્વારા તા. ૨૦.૦૧.૨૦૨૧ ના રોજ સ્થળ પર આવી અરજદાર શ્રી  તથા શ્રી કુલાભાઈ ઉકાભાઈ ની હાજરી માં,

બંને ને સમજાવી, સદર સ્થળ પર નવો પોલ ઊભો કરી સદર અરજીનું સુખદ નિરાકરણ કરેલ છે.જે અરજદારશ્રી ની હાજરી માં જણાવેલ છે.તેથી અરજદાર શ્રી ના પ્રશ્ન નું સુખદ નિરાકરણ થયેલ છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯